| | | |
|---|---|---|
| | કેસ મળ્યા તા. | ૨૪/૦૨/૨૦૨૫ |
| | રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૪/૦૨/૨૦૨૫ |
| | અરજીના નિર્ણયની તા. | ૨૩/૦૪/૨૦૨૬ |
| | સમયગાળો : | વર્ષ– ,માસ– ,દિવસ– |

**ગરબાડાના પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ સમક્ષ,**
**તા.ગરબાડા, જી.દાહોદ**

<u>ફોજદારી કેસ નં. ૪૨૮/૨૦૨૫</u>

<u>આંક :</u>

ફરીયાદી-

પ્ર.માં.અ. નં. ૧૧૮૨૧૦૪૯૨૩૦૧૭૪/૨૦૨૩

ગરબાડા પોલીસ સ્ટેશન

સરકાર શ્રી/

મુળ ફરીયાદીનુ નામ

દિલીપભાઈ કાનજીભાઈ રોઝ

રહે. ચાંદવાડા રોઝ ફળિયા , તા. જી. દાહોદ

: વિરૂધ્ધ :

આરોપી –

રાજેશભાઈ ઉર્ફે રાજૂભાઈ બાપુભાઈ રોઝ

રહે. ચાંદવાડા રોઝ ફળિયા , તા. જી. દાહોદ

<u>ચાર્જ : ભારતીય દંડ સહીતાની કલમ ભારતીય દંડ સહીતાની કલમ ૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ</u>

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એ. બી. તલાવીયા,

આરોપી તર્ફે વિધ્વાન વકિલ શ્રી **એ. કે. રાઠોડ**

## –:: <u>ચુકાદો</u> ::–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તા. ૨૦/૫/૨૦૨૩ ના ક. ૨૩.૩૦ વાગ્યાના ચાંદવાડા રોઝ ફળિયા , તા. જી. દાહોદ  મુકામે આરોપી એ ફરિયાદીના પિતા કાનજીભાઈ ના ઘરના આંગના ના ભાગે મુકેલ બાંકડા પર બેઠેલ હોટ  તે વખતે ફરોપી એ તું બાવકા હિરલા તળાવ વાળી જમીનમાં મારુ નામ દાખલ કરી આપ તેમ કહી માં બેન સમાની ગાળો બોલી મોઢાના ભાગે બે –ત્રણ મુક્કા મારી ઉપરના જડબાના ચાર દાંત તોડદી નાખી ગંભીર ઈજાઓ કરી ગાળો બોલી જાન થી મારી નાખવાની ધમકીઓ આરોપીઓએ ઇ.પી. કોડ ની કલમ ૩૨૫,૫૦૪,૫૦૬(૨) મુજબનો શીક્ષા પાત્ર ગુન્હાનુ ચાર્જશીટ ફોજદારી કેસ નં ૪૨૮/૨૦૨૫ થી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીને ધોરણસરના પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી હાજર થયેલ છે, જેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૪  થી તહોમતનામુ  અને **પ્લી** નોંધવામાં આવતા આરોપીએ પોતાની વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે :

| મૌખિક પુરાવા :– | |
|---|---|
| આંક | વિગત |
| ૦૮ | ફરિયાદી – દિલીપભાઈ કાનજીભાઈ રોઝની જુબાની |
| ૧૦ | સાહેદ – કાનજીભાઈ રોઝ ની જુબાની |

દસ્તાવેજી પુરાવા :–

| આંક | વિગત |
|---|---|
| ૦૯ | ફરિયાદની ખરી નકલ |
| ૧૧,૧૨ | શરીર સ્થિતિનું પંચનામું  તેમજ આરોપી ગુનામાં વપરાયેલ હથિયાર રજૂ કરતાં હોય તેનું પંચનમું |

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો આંક.૧૩ થી સાહેદો તેમજ મૂળ ફરિયાદી તરફે કલોજીગ પુરશિક્ષથી આપ્યા બાદ થયા જાહેર બાદ થયેલા આરોપી વિરૂધ્ધ વિશેષ નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નીવેદન નોંધી, ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી એ. બી. તલાવીયાની તેમજ બચાવ પક્ષેની દલીલો સાંભળેલ છે.

(૫) આ કામે આખરી ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

–:: મુ દ્દા ::–

૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૦/૫/૨૦૨૩ ના ક. ૨૩.૩૦ વાગ્યાના ચાંદવાડા રોઝ ફળિયા , તા. જી. દાહોદ મુકામે આરોપી એ ફરિયાદીના પિતા કાનજીભાઈ ના ઘરના આંગના ના ભાગે મુકેલ બાંકડા પર બેઠેલ હોટ તે વખતે ફરોપી એ તું બાવકા હિરલા તળાવ વાળી જમીનમાં મારુ નામ દાખલ કરી આપ તેમ કહી માં બેન સમાની ગાળો બોલી મોઢાના ભાગે બે –ત્રણ મુક્કા મારી ઉપરના જડબાના ચાર દાંત તોડદી નાખી ગંભીર ઈજાઓ કરી ગાળો બોલી જાન થી મારી નાખવાની ધમકીઓ આરોપીઓએ ઈ.પી. કોડ ની કલમ ૩૨૫,૫૦૪,૫૦૬(૨) નો શીક્ષા પાત્ર ગુન્હા ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૬) મુદ્દા અંગેના નિર્ણય ::–

મુદ્દા નં. ૧ નો જવાબ : નકારમાં

મુદ્દા નં. ૨ નો જવાબ : આખરી હુકમ મુજબ.

<u>મુદ્દાઓના નિર્ણય માટેના કારણો ::–</u>

**(૭) હાલના કામે આરોપી સામે આક્ષેપિત કલમોની જોગવાઈઓ ધ્યાને લઈ એ તો,**

**ઈ.પી.કો. કલમ ૩૨૩ :– સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા :–**

કોઈપણ વ્યકિત, કલમ ૩૩૪ માં જણાવેલાં સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**આ કલમનાં તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,

(૨) આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાનાં ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતું.

**ઈ.પી.કો. કલમ ૫૦૪ :– સુલેહભંગ કરવા ઉશ્કેરવાનાં ઈરાદાથી અપમાન :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈપણ વ્યકિત ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**આ કલમનાં તત્વો નીચે મુજબ છે :–**

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ.

(૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

ઈ.પી.કો. કલમ ૫૦૬ :– ગુનાહિત ધમકીની સજા :–

કોઈપણ વ્યકિત, ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે,

જો તે ધમકી મૃત્યૃ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની

**આ કલમનાં તત્વો નીચે મુજબ છે :–**

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ.

(૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**<u>મુદ્દા નંબર – ૧</u> :–**

(૮) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની સાબીતી માટે થઈને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, ફરિયાદપક્ષે ફરિયાદી દિલીપભાઈ રોજ નાએ **આંક–૨૧ થી** તપાસવામાં આવેલ તેમની સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છેકે, આરોપીઓ તેમના કુટુંબી થાય છે અને તેમંના પિતા ઘરની બહાર બેઠેલ હોય તે જગ્યાએ તેમણે આરોપી સાથે ધકામુક્કી થઈ ગયેલ અને તેમાં તેમના ઘરવાળાઓને નાની મોટી ઈજાઓ થયેલ તે સિવાય બીજું કઈ બનેલ નહિ અને તેઑએ ઉશ્કેરાટ માં ફરિયાદ આપેલી અને આમ, ફરિયાદી પોતે ફરિયાદ પક્ષને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ કરવા છતાં પણ ફરિયાદ પક્ષને સમર્થન આપેલ નથી. ઊલટ તપાસમાં કબૂલ કરે છેકે આરોપી ઓ ના હાથમાં કોઇ હથિયાર જોયેલ નથી કે આરોપી એ માર મરેલ હોવાનું કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળા ગાળી કરેલ હોવાનો ઈનકાર કરે છે ત્યાર બાદ તેજ મુજબ ફરિયાદીના પીતા ઈજા પામનાર કાનજીભાઈ ની જુબાની આંક. ૧૦ થી તપાસવામાં આવેલ પરતું તેઑ એ પણ ફરિયાદીની જુબાની તે જ હકીકત પુનરાવર્તન કરેલ હતું તેવું જણાવી ફરિયાદ પક્ષનએ સમર્થન આપેલ નથી. આમ ફરિયાદીની ફરિયાદ મુજબ બનાવ બનેલ છે કે નહિ તે બાબત

શંકા ઉદભવે છે તેવા સંજોગોમાં ફરિયાદ પક્ષ દ્વારા પંચનામાં તેમજ મેડિકલ સર્ટિ. કબૂલ કરવા છતાં ફરિયાદ પક્ષ તેમનો તહોમતનામાની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

૮. આમ ઉપરોક્ત તમામ સાહેદો ફરિયાદીની મુજબ જ સરતપાસમાં જણાવે છે અને તેઓ તમામ સામાન્ય બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવે છે અને ફરિયાદીની લેખિત ફરિયાદ અનુરૂપ કોઇ પણ પુરાવો રેકર્ડ પર ફરિયાદ પક્ષ લાવી શકેલ નથી. અને એક પણ નજરે જોનાર સાહેદ કે ઈજા પામનાર સાહેદો પણ ફરિયાદને સમર્થન આપતા નથી. ફરિયાદીએ તેમની ફરિયાદ સાબિત કરવી જોઈએ અને તેની અનુરૂપ પુરાવા રેકર્ડ પર આવવા જોઈએ અને બીજા નજરે જોનાર સાહેદ તેમજ ઈજાગ્રસ્ત સાહેદો પણ જો ફરિયાદ પક્ષને સમર્થન આપે તો ફરિયાદીના બીજા પુરાવા મેડિકલ તેમજ પંચનમાં સાથે વંચાને લઈએ અને તમામ પુરાવા કોઇ પણ જાતની શંકા વગર ફરિયાદ પક્ષે સાબિત કરવા જોઈએ પરતું હાલના કામે ફરિયાદ પક્ષે કોઇ પણ ફરિયાદ અનુરૂપ પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી. અને ફરિયાદ પક્ષ તેમની ફરિયાદ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે  જેથી ફરિયાદ પક્ષ આરોપી ઉપર ૩૨૫ મુજબનું કોઇ તહોમત સાબિત કરી શકે નથી.

આમ, માં જયારે ફરિયાદી નજરે જોનાર સાહેદ તેમજ ઈજા ગ્રસ્ત પોતે હોય તેઓ બનાવને સમર્થન આપત એન હોય તો તેવા સંજોગોમાં આરોપી દ્વારા પંચનામું તેમજ જાહેરનામું કબૂલ કરવા છતાં આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહિ.

(૯) આરોપી સામે ભારતીય ફોજદારી ધારા કલમ–૫૦૪ મુજબનુ તહોમત છે જે ધ્યાને લેતાં હાલના આરોપીઓએ ફરીયાદીને કે કોઈ સાહેદને કોઈ ગાળો કે અપશબ્દ બોલેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકીકત ફલીત થતી નથી. તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ અન્વયે AIR 2014 SC 957, Fiona Shrikhande V/S. State of Maharashtra & Another ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ હાલના આરોપીઓ ધ્વારા તેઓને અપમાનીત કરવાના ઈરાદા સાથે આવા અપશબ્દો બોલવામાં આવેલ હોવા બાબતે કોઈ નકકર પુરાવો આ કામે ફરીયાદી પુરવાર કરવામાં સદંતર

નિષ્ફળ નિવડેલા છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ મુજબનું તહોમત સાબિત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ જતા હોઈ નિર્દોષ ઠરાવવા ન્યાયોચિત જણાય છે.

ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ તહોમત છે. જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) વંચાણે લેવામાં આવે તો '' જો ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા સાત વર્ષ મુદ્દત સુધીની કેદની શિક્ષાપાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારીત્રહિનતાનુ આળ મુકવાનુ હોય'' આ કામે ફરીચાદીની જુબાની વંચાણે લેતાં બનાવ સમયે આરોપી ધ્વારા ફરીયાદી કે સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ કે કોઈપણ પ્રકારની ધમકી આપવામાં આવેલ હોય તેમજ તેવી ધમકીના કારણે ફરીયાદી કાર્યો કરવા માટે કાયદેસરના અધિકૃત ન હોય તેમજ તેવી ધમકીના કારણે ફરીયાદી કાર્યો કરવા માટે કાયદેસર અધિકૃત ન હોય તેવુ કૃત્ય કરવા બીકના કારણે કરવા ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનુ સદરહું ફરીયાદીને કાયદેસરની ફરજ હતી તેવુ કૃત્ય આરોપીની ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવા કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કલમની જોગવાઈ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Jivanbhai Devjibhai Bhogayata Vs. Mohanbhai Purshottam Mokariya Brahmin and Ors. [2015] 0 Supreme (Guj) 192 ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ કોઈ ભયજનક પરિસ્થિતિ ફરીયાદીને જણાઈ આવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી. ત્યારે હાલના સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનુ તહોમત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, ફરીયાદ પક્ષ તેમની હકીકત તમામ શંકાઓ  રહીત(બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) પુરવાર કરી શકેલ નથી. તેવા સંજોગોમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

આમ ફરીયાદ પક્ષ આરોપીઓઓ વિરુધ્ધનો પોતાનો કેસનિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવુ માનવાને કારણ રહે છે. તેમજ આઅંગે નામદાર સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩)ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫ ઉપરના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ દવારા રજુ કરવામા આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને

જરૂરી નથી તેવુ જણાતુ હોય, તેવા સંજોગોમા અદાલતનો કિંમતી સમય વેડફવો જોઈશે નહી. જેથી પડેલ પુરાવા આધારે આરોપીઓઓ વિરુધ્ધના ફરીયાદ મુજબના આક્ષેપો લેશમાત્ર પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સહીતાની કલમ ૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના તહોમત સબબ નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(ક) મુજબ અપીલના હેતુ માટે છ માસના સમય સુધીના રુા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આપવા.

હુકમ આજરોજ તારીખ : ૨૩ માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૪/૨૦૨૬

ગરબાડા

(રોહીત હરમાનભાઈ સોલંકી)

પ્રીન્સી. સિવીલ જજ અને જયુડી.મેજી.ફર્સ્ટ.કલાસ

ગરબાડા, જજ કોડ. ૦૧૬૩૩